

કોર્પોરેટર હર્ષાબા ધાંધલના સહયોગથી 'યૌવના' ગ્રુપ દ્વારા 'બેટી બચાવો'ના ઉપક્રમે નાની બાળાઓનો 'વધામણી' ઉત્સવ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત કિશોરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તેમજ યૌવના ગ્રુપના સ્થાપક ઉષા ટાટુ તથા યૌવનાના સભ્યો ડૉ. સુમેધા મહાજની તથા શિલ્પાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૦૨૬ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૭ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૮૯૯૯૦૮૭ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૧૭૯૩૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે રાજ્યમાં નવા ૧૦૨૬ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૨૫૨ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૧૭,૯૩૫ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૦૨ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૪,૩૬૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૩૬.૩૮ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૯,૯૯,૦૮૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૦,૮૪૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૧૦,૭૦૬ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૪૦ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨,૧૨ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૩ છે. જ્યારે ૧૨,૦૬૪ લોકો સ્ટેબલ છે. ૨,૧૭,૯૩૫ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૨૭ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૪, સુરત કોર્પોરેશન ૦૨, બોટાદ ૦૧ દર્દી સહિત કુલ ૦૯ દર્દીઓનાં કોરોના વાયરસને કારણે મોત નિપજ્યાં છે.

## છેલ્લે... છેલ્લે...

- બંગાળમાં ટીએમસીના જીતેન્દ્ર તિવારીએ યુ-ટર્ન લીધો. મમતાની માફી માંગી પક્ષના સંગઠ્ઠનમાં જોડાયેલા રહેવાની જાહેરાત કરી.
- ઘોઘંબા તાલુકાના ગામોમાં દીપડાનો આતંક. દસ દિવસમાં બે બાળકોના મૃત્યુ, છ ઘાયલ.
- કોરોનાના પગલે હોટલ ઉદ્યોગને ૨૦ હજાર કરોડનું નુકશાન.
- ઓસ્ટ્રેલીયા સામેની પ્રથમ ટેસ્ટમાં ભારત ૩૬ રને ઓલઆઉટ.
- સોમવારે વર્ષની સૌથી લાંબી રાત્રિ અને સૌથી ટુંકો દિવસ.
- રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૨૩ સરકારી સ્કૂલો બંધ કરાઈ અને ૫૧૨૩ મર્જ કરાઈ.
- આરએસએસના વરિષ્ઠ વિચારક એન.જી. વૈદ્યનું નિધન.

# ઈન્ટર્ન ડૉક્ટર્સના સ્ટાઈપેન્ડમાં રૂપિયા ૫૦૦૦નો વધારો થયો

ગાંધીનગર, તા.૧૯

સમગ્ર રાજ્યની સરકારી મેડિકલ કોલેજો અને જી.એમ.ઈ.આર.એસ હસ્તકની કોલેજના ઈન્ટર્ન તબીબો દ્વારા શરૂ કરાયેલ હડતાળ સંદર્ભે આજે તબીબી પ્રતિનિધિઓની નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે પરામર્શ કરીને અને ઈન્ટર્ન તબીબોના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ તબીબોએ હડતાલ પાછી ખેંચી લીધી છે.

પટેલે ઉમેર્યુ કે, બે દિવસ પહેલા આ ઈન્ટર્ન તબીબો સાથે વિગતવાર લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. તે સમયે તેઓને હડતાલ સ્થગિત કરવા અનુરોધ કરાયો હતો અને તેમણે હડતાલ સ્થગિત કરી હતી. તબીબી પ્રતિનિધિ મંડળના સભ્યોની માંગણી અને રજુઆત સંદર્ભે આજે લંબાણપૂર્વક ચર્ચા કર્યા બાદ આ પ્રશ્નનું સુખદ સમાધાન થયુ છે. ઈન્ટર્ન તબીબોને કોરોનાના કપરાકાળમાં કરેલી કામગીરીને ધ્યાને લઈને આ તબીબોને પ્રતિ માસ રૂ.૫૦૦૦ નું વધારાનું પ્રોત્સાહક ભથ્થું ચૂકવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રી પટેલે બેઠક બાદ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજયની સરકારી અને જી.એમ.ઈ.આર. એસ કોલેજના ઈન્ટર્ન તબીબોને હાલ રૂપિયા ૧૩૦૦૦ નું સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવે છે તેમાં કોઈ વધારો કરાયો નથી. પ્રોત્સાહકરૂપે આ રૂ.૫૦૦૦ નું વધારાનું મહેનતાણું સ્ટાઈપેન્ડ ઉપરાંત ચુકવવામાં આવશે. જેના લીધે હવે આ ઈન્ટર્ન તબીબોને રૂ. ૧૮,૦૦૦ ચૂકવાશે જેનો અંદાજે ૨૨૦૦ જેટલા તબીબોને લાભ મળશે. આ નિર્ણયને ઈન્ટર્ન તબીબોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધો છે. આ પ્રોત્સાહક ભથ્થું એપ્રિલ-૨૦૨૦ થી આગામી ફેબ્રુઆરી-૨૦૨૧ દરમ્યાન આ તબીબોની ટર્મ પુરી થાય છે તેઓને આ લાભ મળશે.



દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલભાઈ ચૌધરી સમર્થિત પેનલના ફોર્મ શનિવારે ભરવામાં આવ્ય હતા. તેઓ હાલમાં જેલમાં બંધ હોઈ તેમના ધર્મપત્નિ શ્રીમતી ગીતાબેન ચૌધરી વિસનગર પ્રાંત ઓફિસે ચૂંટણીનું ફોર્મ જમા કરાવ્યુ હતુ. વિપુલભાઈ ચૌધરીના સમર્થકો, પુત્ર પવન ચૌધરી, શ્રીમતી ગીતાબેન ચૌધરી તથા નાનજીભાઈ ચૌધરી ડેરી સંકુલમાં પહોંચ્યા હતા. તેઓએ સ્વ. માનસિંગભાઈ ચૌધરી અને મોતીભાઈ ચૌધરીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને સૌના આશિષ મેળવ્યા હતા.

## ખેડબ્રહ્માના વોર્ડ-૭ મા ૨૨ લાખના વિકાસ કામોનું ખાત મુહૂર્ત કરાયુ

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા નગરપાલિકાના વોર્ડ નં-૭ ચાપલપુર વસાહતમા મહાદેવ મંદિરથી નવરાત્રી ચોક તથા ભગવાનનાથના ઘર સુધી ૨૨ લાખના ખર્ચે નવીન રોડ તથા નવરાત્રી ચોકનુ ખાતમુર્હત નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન ધર્મેન્દ્ર મહેતા, સદસ્ય ધ્વારા કરવામાં આવ્યુ જેમાં વોર્ડના લોકો હાજર રહ્યા હતા.

# ખેડૂતાના નામે અરાજકતા ઊભી કરવા પ્રયાસ : રૂપાણી

## કેન્દ્રએ કૃષિ બીલમાં કરેલા સુધારાઓ ખેડૂતોના આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલશે એવો મને દ્રઢ વિશ્વાસ : મુખ્યમંત્રી

આણંદ, તા.૧૯

દેશના ખેડૂતોની વર્ષ ૨૦૨૨માં આવક બમણી કરવાના નિર્ધાર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગળ વધી રહ્યા છે એ જાણીને વિપક્ષ ડઘાઈ ગયો છે અને બેબુનિયાદી નિવેદનો થકી ખેડૂતોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરે છે એ તદ્દન ગેરવ્યાજબી છે. તેમણે ઉમેર્યું કે, કેન્દ્ર સરકારે કૃષિ બીલમાં કરેલા સુધારાઓ ખેડૂતોના આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલશે એવો મને દ્રઢ વિશ્વાસ છે, એમ મુખ્યમંત્રી વિજય રૂપાણી એ જણાવ્યું છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ આંદોલન માત્ર નરેન્દ્ર મોદીની લોકપ્રિય સરકારને બદનામ કરવા માટે ખેડૂતાના નામે ચાલી રહ્યું છે. કોંગ્રેસ અને વિપક્ષો ખેડૂતાના નામે દેશમાં અરાજકતા ઉભી કરવાના પ્રયાસો કરી રહ્યા છે. એટલે આ આંદોલન "કહી પે નિગાહે કહી પે નિશાના" એટલે કે ખેડૂતોના નામે વડાપ્રધાન મોદીને બદનામ કરવાનું ષડયંત્ર છે.



મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે આણંદ જિલ્લાના કરમસદ ખાતે આણંદ-ખેડા-વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના ખેડૂતો માટે યોજાયેલ કૃષિ સુધાર બીલ-૨૦૨૦ જનજાગરણ અભિયાનમાં ખેડૂતોને સંબોધતા વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત માતા જગતજનની બને અને સમગ્ર વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધી રહી છે ત્યારે વિરોધીઓના પેટમાં તેલ રેડાયું છે. અને વારંવાર આંદોલનકારીઓ સાથે વાટાઘાટો કરવા છતાં દેશ વિરોધી તત્વો દેશમાં અસ્થિરતા અને અરાજકતા સર્જવાના પ્રયત્નો કરી રહ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ખેડૂતોના નામે કોંગ્રેસે વર્ષો સુધી રાજનીતિ કરી ખેડૂતોને વ્યાજના ચૂંગાલમાં ફસાવ્યા એટલું જ નહીં પણ ખેતી નિષ્ફળ જતા ખેડૂતોને આપઘાત કરવા પડયા, ગામડાંઓ તૂટતાં ગયા તેના મૂળમાં કોંગ્રેસીઓ અને વિરોધ પક્ષની સરકારો છે. ખેડૂતોની આવક બમણી થાય તે માટે કેન્દ્ર સરકારે લીધેલાં નિર્ણયોમાં વિરોધીઓ હવનમાં હાડકાં નાંખી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે ખેડૂતોના હિતનું આ કામ ૨૫ થી ૩૦ વર્ષ પહેલાં થવું જોઈતું હતું તે થયું નહીં અને કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારે ખેડૂતોના હિતના પગલાં લીધા જે વિરોધીઓને ખૂંચી રહ્યા છે. નરેન્દ્ર મોદીની સરકારે છેલ્લા છ વર્ષમાં ચૂંટણી ઢંઢેરામાં આપેલાં રામ મંદિર નિર્માણ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબૂદી, ત્રિપલ તલ્લાક તેમજ અન્ય દેશોમાં વસતા લઘુમતીઓની દેશમાં નાગરિકતા આપવાનું વચન પુરૂં કર્યું છે એટલું જ નહીં ખેડૂતોને ટેકાના ભાવ આયુષમાન ભારત હેઠળ નાગરિકોને આરોગ્ય સુરક્ષા કવચ પુરૂં પાડયું છે જેના પરિણામે કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું છે.

# નવા જમીન કાયદા હેઠળ વડોદરામાં પ્રથમ કેસ થયો

## માંજલપુરમાં એજન્ટ પાસેથી ભાડા કરાર સાથે લીધેલો ફ્લેટ કોન્સ્ટેબલે બારોબાર ત્રાહિત વ્યક્તિને ભાડે આપ્યો

વડોદરા, તા.૧૯

વડોદરાના માંજલપુરમાં ક્રાઈમ બ્રાન્ચના કોન્સ્ટેબલ દ્વારા ફ્લેટ ભાડે રાખી માલિકની જાણ બહાર ત્રાહિત વ્યક્તિને આપી દેવાયો હતો. જે અંગે ફ્લેટના માલિક આઈ.બી.પટેલ દ્વારા વડોદરા જિલ્લા કલેક્ટર સમક્ષ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ હેઠળ કેસ દાખલ કરવા અરજી કરવામાં આવી છે. રાજ્ય સરકારના આ નવા કાયદા હેઠળ વડોદરામાં આ પ્રથમ કેસ નોંધાશે.

માંજલપુર વિસ્તારમાં આવેલા ફ્લેટ ક્રાઈમ બ્રાન્ચના કોન્સ્ટેબલ શૈલેન્દ્રસિંહ પરમારે સ્થાપત્ય ડેવલપર્સ એન્ડ એસ્ટેટ કન્સલટન્ટના સુરેશભાઈ પાસેથી ભાડે લીધો હતો. જે ફ્લેટના મૂળ માલિક આઈ.બી. પટેલના પત્ની છે. ૨૦૧૮માં ફ્લેટ ભાડે રાખ્યો ત્યારે નિયમ અનુસાર ૧૧ માસનો ભાડા કરાર પણ કરાયો હતો. જે પૂર્ણ થયા બાદ શૈલેન્દ્રસિંહ પરમાર દ્વારા બીજા ૧૧ મહિના માટે ફ્લેટ ભાડે રાખવામાં આવ્યો હતો. જે સમયે ભાડા કરાર કરવાનું કહેતા તેઓ ટાળતા હતા. જેથી ફ્લેટના માલિક આઈ.બી. પટેલ દ્વારા ફ્લેટનો કબજો લેવા તેમજ ભાડાની રકમ અને અન્ય ચૂકવેલા બિલોની રકમની માગણી શરૂ કરી હતી. જે બાબતે આઈ.બી. પટેલ દ્વારા તા. ૧૮મી જૂન અને ૩જી સપ્ટેમ્બરના રોજ નોટિસ પણ આપવામાં આવી હતી. તેમ છતાં શૈલેન્દ્રસિંહ પરમાર દ્વારા ફ્લેટનો કબજો પરત કરાયો ન હતો.

ગત તા.૫મી ઓક્ટોબરના રોજ સ્થાપત્ય ડેવલપર્સ એન્ડ એસ્ટેટ કન્સલટન્ટના સુરેશભાઈ દ્વારા આઈ.બી. પટેલને ફોન કરીને જણાવ્યું હતું કે, શૈલેન્દ્રસિંહ પરમારે ફ્લેટ અન્ય કોઈને આપી દીધો છે. જેથી હવે, કબજો ત્રાહીત વ્યક્તિ પાસેથી લેવાનો છે. જે બાબતે આઈ.બી. પટેલ દ્વારા ગુજરાત જમીન પચાવી પાડવા (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ હેઠળ વડોદરા જિલ્લા કલેકટર સમક્ષ શૈલેન્દ્રસિંહ પરમાર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા અરજી કરી છે.

તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા લાગૂ કરવામાં આવેલા આ કાયદા અનુસાર વડોદરામાં આ પ્રથમ ફરિયાદ અરજી થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ બાબતે શૈલેન્દ્રસિંહ પરમાર દ્વારા ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતો હોય કાયદેસરની કાર્યવાહી કરી તો ખોટા કેસમાં ફસાવાની પણ ધમકી આપી હોવાનું આઈ.બી. પટેલે ફરિયાદમાં જણાવ્યું છે.

# ખેડબ્રહ્માની ભદ્ર સમાજની યુવતી સાથે લગ્ન કરવાના કોડ અધુરા રહ્યા

## પોલીસ ફરીયાદ બાદ જેલ ભોગવતા મુંબઈના યુવાનની જામીન નામંજુર

હિંમતનગર, તા.૧૯

ખેડબહ્માના એક ભદ્ર સમાજની યુવતીના એક તરફી પ્રેમમાં પડેલા યુવાને તમામ મયદાઓ નેવે મુકી યુવતીને તથા તેના પરીવારને બદનામ કરવામાં હદ વટાવી દેતા છેલ્લા એક વર્ષથી આ મામલે મુંબઈ અને ખેડબહ્મા પોલીસ સ્ટેશને નોધાયેલી ફરીયાદ બાદ આ એક તરફી પ્રેમ કરનાર યુવાન જેલની હવા ખાઈ રહ્યો છે. દરમિયાન તેણે જામીન માટે ઈડર કોર્ટમાં અરજી કરી હતી. જેને બે દિવસ અગાઉ ન્યાયાધીશે નામંજુર કરીને હિંમતનગર સબજેલમાં મોકલી આપવાનો આદેશ કર્યો છે.

આ અંગે સરકારી વકીલ પ્રણવભાઈ સોનીના જણાવાયા મુજબ ખેડબ્રહ્મામાં રહેતા ભદ્ર સમાજની એક યુવતી લગભગ એકાદ વર્ષ અગાઉ મુંબઈ સગાવ્હાલાને ત્યા ગઈ હતી. જ્યા તેણી એક યુવાનની આંખમાં વસી ગઈ હતી. જોકે આ યુવતીના મનમાં કોઈ કપટ ન હતું જેથી તેણી પ્રેમ કરવા માગતી ન હતી. તેમ છતા મુંબઈના બોરીવલ્લી વિસ્તારમાં આવેલ એલ.ટી.રોડ કેશવબાગમાં આવેલ બી/૪૦૪ મકાનમાં રહેતા રીતેશભાઈ મહેશભાઈ પરમારએ ખેડબહમાની યુવતીના એક તરફી પ્રેમમાં પડી જઈ યુવતીના બિભત્સ ફોટા બનાવી વોટસઅપ તથા પોર્નો વેબસાઈટ પર અપલોડ કરી દીધા હતા.

ત્યારબાદ યુવતીના પિતાએ પોતાની દિકરીની જીંદગી ન બગડે તે માટે મુંબઈ અને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી. જે આધારે ડીવાયએસપીએ તપાસ કરી રીતેશ પરમારની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો. ત્યારબાદ વિકૃતિથી પીડાતા આ યુવાને ઈડરની કોર્ટમાં જામીન અરજી રજી કરી હતી. જે અંગેની સુનાવણી ન્યાયાધીશ તેજસ એસ બ્રહ્મભટ્ટની કોર્ટમાં થતા ગત તા.૧૮ ડીસેમ્બરના રોજ સરકારી વકીલની દલીલો તથા દસ્તાવેજી પુરાવા ચકાસીને એક તરફી પ્રેમમાં પડેલા મુંબઈના આ યુવાનની જામીન અરજી નામંજુર કરીને હિંમતનગર સબજેલમાં મોકલી આપવાનો આદેશ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે મોડનયુગમાં જીવતા તથા ટુંકા વિચારો અને જલ્દીથી પરીવાર સાથે સેટલ થવા માટે કેટલાક યુવાનો વગર વિચાર્યુ પગલુ ભરે છે ત્યારે ગણી વખત તેમની આ ધુન ખતરનાક પુરવાર થાય છે. અને સમાજમાં નામોશી સાથે જીંદગીના અમુલ્ય વર્ષો વેડફાઈ જાય તેમ જેલની હવા ખાવી પડે છે.

જોકે યુવતીઓએ પણ પોતાની હેસિયત ન ભુલીને પરીવાર તથા મા-બાપનો ખ્યાલ રાખીને જીવનસાથીની પસંદગી કરવામાં તકેદારી રાખવી જોઈએ.

## ખેડબ્રહ્માની સાર્વજનિક લાયબ્રેરીના હોદ્દેદારોની વરણી કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્માની મહેતા હરિશંકર લક્ષ્મીરામ અને બાઈ આનંદી ફ્રી વાંચનાલયની વ્યવસ્થાપક કમિટીની મીટિંગ જગદીશભાઈ કે. પટેલના અધ્યક્ષસ્થાને ૨૦૨૦-૨૧ના વર્ષના હોદ્દેદારોની વરણી માટે મળી હતી. જેમાં પ્રમુખ તરીકે હરેશકુમાર એ. રામી, મંત્રી તરીકે અમૃતલાલ બી. સુથાર તથા સહમંત્રી તરીકે પ્રશાંતકુમાર એન. ત્રિવેદીની વરણી કરવામાં આવી હતી. નવીન હોદ્દેદારોને સભાના પ્રમુખ જગદીશભાઈ પટેલ, હસમુખભાઈ પંડયા, બળવંતસિંહ પરમાર સહિતના સભ્યોએ બિરદાવ્યા હતા.

# દમણથી સસ્તો દારૂ લઈને જતું દંપતી મહારાષ્ટ્રમાં જબ્બે

વાપી, તા.૧૯

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં દારુ મહારાષ્ટ્રની સરખામણીએ સસ્તો મળે છે, પરંતુ સસ્તા દારુની લાલચ ક્યારેક મોટી મુશ્કેલી પણ નોતરી શકે છે. મહારાષ્ટ્રમાં ભલે દારુ પર ગુજરાતની માફક પ્રતિબંધ ના હોય, પરંતુ દમણમાંથી પરમિટ વિના દારુ લઈ મહારાષ્ટ્રમાં જવું પણ ગુનો બને છે. મહારાષ્ટ્રના નાસિકમાં રહેતા ડૉક્ટર દંપતી દમણમાંથી સસ્તો દારુ લઈ પોતાની ગાડીમાં નાસિક જઈ રહ્યા હતા, પરંતુ હાલ તો તેમને ઘરને બદલે પોલીસ સ્ટેશન પહોંચવાનો વારો આવ્યો છે.

નાસિકમાં પોતાનું ક્લિનિક ધરાવતા ડૉક્ટર દંપતી દીપક થોરાત અને તેમના પત્ની પ્રિયા થોરાત દમણ ફરવા માટે આવ્યા હતા. તેમણે અહીં જોયું કે મહારાષ્ટ્ર કરતા દમણમાં દારુ ઘણો સસ્તો છે. જેથી તેમણે ગુજરાતમાંથી દારુ લઈને પસાર થવું પણ ગુનો છે તેવા કાયદાની ચિંતા કર્યા વિના જ દમણમાંથી ૫૭ હજાર રુપિયા કિંમતની ૩૪ મોંઘીદાટ દારુની બોટલો ખરીદી લીધી હતી, અને તેને ગાડીમાં મૂકી દીધી હતી.

દારુની ખરીદી બાદ આ દંપતી મહારાષ્ટ્ર જવા રવાના થયું હતું. જોકે, દમણથી આવી રહેલી એમજી હેક્ટર ગાડીને પારડીની કલસર ચેકપોસ્ટ પર પોલીસે અટકાવી હતી.

મહારાષ્ટ્ર પાસિંગની આ ગાડીને પોલીસે અટકાવીને તેની તપાસ કરતા તેમાંથી પ્રિમિયમ ક્વોલિટીની દારુની ૩૪ બોટલો મળી આવી હતી. આમ, પ્રોહિબિશનના ગુનામાં પોલીસે ડૉક્ટર દંપતીની ધરપકડ કરીને દારુ તેમજ તેમની ગાડી સહિત કુલ ૧૫.૫૭ લાખ રુપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## ૨૫ મિનિટમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવનારા સમયમાં આ સર્કલની આસપાસ વસ્તીની ગીચતા વધશે ત્યારે સ્થાનિક અને હેવી ટ્રાફિકનું ભારણ વધશે એ નક્કી છે. આથી રીંગ રોડના ટ્રાફિકને અંડરબ્રીજથી, એસજી હાઈવેના ટ્રાફિકને ઓવરબ્રીજથી અને લોકલ ટ્રાફિકને સરફેસથી મેનેજ કરવા આયોજનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વૈષ્ણોદેવી સર્કલ નજીક ખોરજ-ખોડીયાર રેલ્વે, અડાલજ નર્મદા કેનાલ પરના હયાત બ્રિજને છ લેનમાં ફેરવાશે. ખોડીયાર કન્ટેનર ડેપો અને અદાણી શાંતિગ્રામ ક્રોસ રોડ એમ બે સ્થળે લોકલ ટ્રાફિક માટે અંડરપાસ પણ બનશે.

અમદાવાદ-ગાંધીનગરને જોડતા નેશનલ હાઈવે નંબર ૧૪૬ના ચિલોડાથી સરખેજ વચ્ચેના ૪૪.૨ કિલોમીટરમાં ૮૬૭ કરોડના ખર્ચે વિસ્તરણકાર્ય ચાલુ છે. દિલ્હી-ગુડગાંવ હાઈવેની તર્જ પર ફાસ્ટ મૂવિંગ અને લોકલ ટ્રાફિક અલગ લેન કોન્સેપ્ટથી એસજી હાઈવે પર ૨૭ મોટા, ૫૭ નાના જંકશનોએ રોડ ક્રોસિંગનો અંત આવશે. વૈષ્ણોદેવી સર્કલે વધુ એક અંડરપાસનો ઉમેરતા ક્યાંય વાહન ઉભુ રાખવુ પડશે નહી.

આ પ્રોજેક્ટમાં કુલ ૧૧ અન્ડરપાસ-ફ્લાય ઓવરબ્રિજ આકાર લેશે. સોલા ભાગવતથી ઝાયડ્સ જંકશન વચ્ચે ૪.૧૮ કિમીનો એલિવેટેડ હાઈવનું કામ ચાલુ છે. વૈષ્ણોદેવી 'સર્કલ' જંકશન થતા થ્રી-લેયર સિસ્ટમ થશે.

સરખેજ ગાંધીનગર હાઈવેમાં હાલના વૈષ્ણોદેવી સર્કલે ઓવરબ્રિજ બનતા બંને તરફથી આવતા ટ્રાફિકને નોન સ્ટોપ રસ્તો મળશે. ઝુંડાલ સર્કલથી ઓગણજ સર્કલના રીંગ રોડનો ટ્રાફિક વૈષ્ણોદેવી સર્કલે નીચે અંડરપાસથી સડસડાટ આવાગમન કરી શકશે. વૈષ્ણોદેવી સર્કલને ફરતે રહેણાંક વિસ્તાર, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓના ટ્રાફિકને થલતેજની જેમ સરફેસ પર ચારે દિશાઓ માટે રસ્તો મળશે.

એસજી હાઈવે ઉપર સૌથી વધુ ટ્રાફિક વૈષ્ણોદેવી ક્રોસ રોડ ઉપર રહે છે. આ સર્કલને ફરતે ૭૦૦ મીટરની ત્રિજ્યામાં નિરમા યુનિવર્સિટી, એસજીવીપી, હિરામણી જેવા શૈક્ષણિક સંસ્થાનો છે. પ્રાઈવેટ હોસ્પિટલ અને ૩૦૦૦ થી વધારે આવાસો ધરાવતી મોટી ટાઉનશીપો આવેલી છે. એટલુ જ નહી, નજીકમાં જ સરદાર ધામ, શ્રી ઉમિયા માતાજીનુ દેવસ્થાન આકાર લઈ રહ્યુ છે. આથી, ભવિષ્યમાં સ્થાનિક ટ્રાફિક વધે તેવી સ્થિતિમાં ફરીથી રીગ રોડને સમાંતર બીજા ઓવરબ્રીજના વિકલ્પે અંડરબ્રીજ બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## સોનાર બાંગલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યકરો જ તેમની સામે લડશે અને તેમને પરાજિત કરશે.

શાહે વધુ કહ્યું કે એવું ક્યાંય બન્યું નથી કે ૧૮ મહિનામાં કોઈ પાર્ટીના ૩૦૦ કાર્યકર્તાઓના મોત થયા હોય. પરંતુ પશ્ચિમ બંગાળમાં આવું બન્યું છે. અમિત શાહે કહ્યું કે લોકો પશ્ચિમ બંગાળની મમતા સરકારથી નારાજ અને નાખુશ છે, તેથી તેઓ ભાજપમાં આવી રહ્યા છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં પીએમ આવાસ તો બનતા દેખાઈ રહ્યા છે, પરંતુ પીએમ દ્વારા ખેડૂતોને મોકલાયેલ નાણાં મળતા નથી. જો કોઈ પક્ષના મંત્રી પર હુમલો થાય છે તો કેન્દ્રએ પગલાં ભરવા પડે છે. અમિત શાહે સંઘીય બંધારણના ઉલ્લંઘનના આરોપોને નકારી દીધા હતા. અમિત શાહે કહ્યું કે, જો બીજા રાજ્યમાં કોઈ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પર હુમલો કરવામાં આવ્યો હોત તો શું કરવામાં આવત. તેમણે કહ્યું કે કેન્દ્ર પોતાના કાર્યક્ષેત્રમાં રહીને જ કાર્ય કરી રહ્યું છે.

## ૫૮૦ મકાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસ નિર્માણની કામગીરી ચાલી રહી છે. જેમાં બી અને સી કક્ષાના સરકારી આવાસો બાંધવામાં આવી રહ્યા છે. હાલ આ પૈકી બી કક્ષાના ૩૩૬ મકાનો બાંધવાની કામગીરી પુર્ણતાના આરે છે. આગામી માર્ચ મહીનામાં આ મકાનોનુ લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં જુના અને જર્જરિત મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. શહેરના સે-૨૭ થી ૩૦ માં નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્વયે અંદાજિત રૂ ૮૫ કરોડનો ખર્ચ કરાશે. જેમાં છ કક્ષાના ૫૮૦ આવાસોનુ નિર્માણ કરાશે. જો કે હજુ આવાસ નિર્માણને અનુલક્ષી સ્થળ પસંદગી બાકી છે. ટુંકમાં સ્થળ પસંદગી કરી દેવાયા બાદ કામ હાથ ધરાશે. આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. ટુંકમાં સ્થળ પસંદગીના અંતે કામ આગળ વધશે.